બાળ[illegible]ગરબાવળીના અર્થ
[illegible] સંગ્રહ ધોરણ ૨-૩-૪ માટે

બાળ પ્રાર્થના.

પ્રાણી=જીવ.
માત્ર=તમામ.
શક્તિ=બળ.
માપ=પ્રમાણ.
પાય=પગ.
પાય લાગું=પગે લાગું.
પ્રથમ=પહેલાં.
તમ=તમારો.
[illegible]=હેત.
[illegible]પર=અમારી ઉપર.
[illegible]ન=દયા.
[illegible]=કુશળ.
[illegible]ળ=સુખી-આબાદ.
[illegible]=મા.
[illegible]=બાપ.
[illegible]ઓ=ભાઇબહેન.
[illegible]=જથ્થો.
[illegible]ન=ખાવાનું.
[illegible]=લૂગડાં.
[illegible]બરૂ=ઇજ્જત.
[illegible]લજો=આપજો.
[illegible]

સર્વ=સઘળાં.
સંકટ=દુઃખ.
ટાળજો=મટાડજો.
વાલ=હેત.
સુબુદ્ધિ=સારી અકલ.
બાળ=બાળક.
કુર્તક=ખોટા વીચાર.
કુચાલ=નઠારી ચાલ.
સેવ=ચાકરી.
સદા=હમેશાં.
ટેવ=આદત.
હરો=લઇ લો.
અહમેવ=અહંકાર.
માયાળુ=માયાવાળો.
બોલ=વચન.
ભાવ=પ્રીત.
નિભાવ=ટકાવ.
સુમાર્ગ=સારો રસ્તો.
દીલ=મન.
પરમારથ=પારકાનું ભલું કરવું તે.
પુર્ણ=કાયમ-પુરેપુરૂં.
વ્યસન=ટેવ-લત.

અંતર=મન.	જોગ=લાયક.
શુદ્ધ=પવિત્ર.	યોગ્ય=જોઇએ તેવો.
સત્ય=સાચું.	યોગ્ય=નુકસાન વગરનું.

હે ઇશ્વર! હું માગું છું, તે આપો. તમે બધા જીવના માબાપ છો, જેના બળનું કાંઇ પ્રમાણ નથી. હે પ્રભુ હું પગે લાગું છું. ને હું આટલું માગું છું. ૧. પહેલ વહેલાં હું તમારૂં હેત માગું છું. અમારા ઉપર દયા રાખો, તમારી દયાથી હમે સુખી રહીએ. હે પ્રભુ માગું૦ ૨. હું માગું છું કે મારી માને તથા બાપને સુખી રાખો, ભાઇ બહેનો સઘળાંને સુખી રાખો. હે પ્રભુ૦ ૩. હું માગું છું કે તમે અમને પાળજો. ખાવાનું, લૂગડાં ને આબરૂ આપજો. સઘળા માણસોનાં દુ:ખ મટાડજો. હે પ્રભુ૦ ૪. હું હેત લાવીને માગું છું, મારા જેવા બાળકને સારી અકલ આપજો, ખોટા વિચાર ને ખરાબ ચાલને કાપી નાંખો. હે પ્રભુ૦ ૫. હું માબાપની સેવા માગું છું, હમેશાં સાચું બોલવાની ટેવ માંગું છું, મારા મનનો અહંકાર કાઢી નાંખો. હે પ્રભુ૦ ૬. માયાળુ સ્વભાવ, મીઠાં બોલ ને સઘળાપર હેત રહે એવું માગું છું, જેથી કરીને જગતમાં મારો ટકાવ થાય. હે પ્રભુ૦ ૭. હે પ્રભુ હું માગું છું કે મને સારો રસ્તો બતાવ, મારા મનમાં દયા રાખો, બરાબર પારકાનું ભલું થાય એવાં કામ કરાવ, હે પ્રભુ૦ ૮. હું માગું છું કે વિદ્યાની લત લગાડજો, મારા મનની આંખો ઉઘાડજો, સત્યતાનો ચોકખો સુરજ ઉગાડજો. ૯. મેં જે આ માગ્યું તે હું માગવા લાયક છું, હે પીતા તમે આપવા લાયક છો. હવે જે નુકસાન વગરનું હોય તે આપો, હે પ્રભુ પગે લાગીને હું આટલું માગું છું.

નિશાળે જતાં છોડીનું વર્ણન.

વાલી=પ્યારી.
છોટી=નાની.
ડાપણ=સમજણ.
રાઢો=કજીઓ, કંકાસ.
દાડો=દિવસ.
વાણે=સહવારમાં.
નિત્યે=દરરોજ.
પ્રીતે=હેતથી
લુછાવે=લોહવડાવે.
ભાવે=ખરામનથી.
ભૂલે=ચૂકે.
કો=કોઈ.
કાળે=વખતે.
સિલેટ=પથરપાટી.
સાહી=પકડી.
દીસેછે=દેખાયછે.

ડાહી=શાણી.
ઠમઠમ=રમઝમ.
ઝાલે=પકડે.
સરસ=સારી.
ઠરેછે=નીકળેછે.
વાતો=વાર્ત્તા.
હરખ=આનંદ.
સરવને=સઘળાને.
તાળી=હાથમાં હાથ આપવો તે.
ગરબી=ગરબા.
રસાળી=રસવાળી.
બોલ=વચન, શબ્દ.
મીઠા=મધુર.
દુનીયા=જગત.
દીઠાં=જોયાં.
વાલાં=પ્યારાં.
મનગમે=મનને પસંદ પડે તે.

મારી પ્યારી બહેન બહુ નાની છે પણ સમજણમાં મોટી છે. ૧
મારી પ્યારી બહેનને કજીઓ કંકાસ નથી, આખો દહાડો હસે છે. ૨
મારી વહાલી બહેન સવારના પહોરમાં સૌથી વહેલી ઉઠે છે. ૩
મારી વહાલી બહેન હમેશા દાતણપાણી કરે છે ને હેત લાવીને નાહે છે. ૪
મારી વહાલી બહેન માથું હોળાવે છે ને રોજ કપાળ લોહવડાવે છે. ૫
મારી વહાલી બહેન સો સુધી ગણે છે ને હેતથી ભૂ, પા, ભણે છે. ૬

મારી વહાલી બહેન નિશાળે જાય છે ને કોઇ દહાડો ભૂલતી નથી. ૭
મારી વહાલી બહેન સ્લેટ લઇને ઘણી સમજુ દેખાય છે. ૮
મારી વહાલી બહેન પેન માગે છે, સઘળાને પ્યારી લાગે છે. ૯
મારી વહાલી બહેન રમઝમ ચાલે છે, ચોપડી હાથમાં પકડે છે. ૧૦
મારી વહાલી બહેન પાઠ કરે છે, સઘળામાં સારી નીકળે છે. ૧૧
મારી વહાલી બહેન વાર્તા વાંચે છે, સઘળાને હરખ થાય છે. ૧૨
મારી વહાલી બહેન તાળી પાડીને રસવાળી ગરબી ગાય છે. ૧૩
મારી વહાલી બહેનનાં બોલ મધુરાં છે, જગમાં એવા દીઠાં નથી. ૧૪
મારી વહાલી બહેન તમે વહાલાં લાગોછો, માટે તમને ગમે તે માંગો. ૧૫

છોડીઓની ઉજાણી.

અલીઓ=બહેનો.
હળીમળી=ભેગાં થઈ.
ઉજાણી=મીજબાની.
ખોળી=શોધી.
અજીઠી=એઠી.
સસ્તાં=સોંઘાં.
ખોરાં=સ્વાદ વગરના.
ખૂબ=ઘણું.
કો=કોઈ.
કોકડી=રાયણ.
દ્રાખો=દરાખ.
સરખી=જેવી.
હરખ્યાં=આનંદ પામ્યા.
પ્રેમે=હેતથી.
હાર્યો=થાકયો.
ખપે=કામ લાગે.
ગમતાં=પસંદ પડતાં.
ગટ્ટ કરી ગયાં=ખાઇ ગયાં.
સળવળે=ખાવાનું મન થાય.
સાચે=ખરેખર.
ગળગળતું=ઘીથી નીતરતું.
મોં બળતું=તીખું.
છુપાવી=સંતાડી.
બિચારી=ગરીબ છોકરી.
પાસ=પાસે.
માંડી=શરૂ કરી.
વ્હાલ=હેત.
વહેંચી ખાઓ=ભાગે પડતું ખાઓ.
ગરબા=ફરતાં ફરતાં ગીત ગાવા તે.

સૌ બહેનો હળીમળી આવો આજે આપણે મીજબાની કરીએ.

સૌ ઘેરથી કાંઈ કાંઈ લાવો. આંજ આપણે૦ ૧
કોઇ ચણા ને કોઇ ધાણી લાવી આજ આપણે૦
કોઇ તો કોપરૂં ને ખાંડ લાવી આજ આપણે૦ ૨
કોઇ ખજુર શોધી લાવી આજ આપણે૦
કોઈ ચારોળી ચાવતી આવી આજ આપણે૦ ૩
કોઇ કહે એ અજીઠી થઇ છે આજ આપણે૦
કોઈ મીઠી બદામ લાવી આજ આપણે૦ ૪
કોઇ સસ્તાં પસ્તાં લાવી આજ આપણે૦
એ બહુ ખોરાં છે એમ સૌએ કહ્યું આજ આપણે૦ ૫
કોઈ રાયણુ ને દરાખ લાવી આજ આપણે૦
કોઈ આખો મુળો લાવી આજ આપણે૦ ૬
કોઇ બરફ જેવી બરફી લાવી આજ આપણે૦
જે જોઇને બાળકો આનંદ પામી કુધાં આજ આપણે૦ ૭
કોઇ હેતથી પેંડો લાવી આજ આપણે૦
તે કોઇથી કેમે કરીને ભાંગ્યો નહિ આજ આપણે૦ ૮
પણ પથ્થરથી તે ભાંગ્યો આજ આપણે૦
કોઈ સારો લાડુ લાવી આજ આપણે૦ ૯
કોઈ કહે અમારા ખપમાં ન આવે આજ આપણે૦
ત્યારે કહ્યું કે તમને નહિ આપીએ આજ આપણે૦ ૧૦
કોઈ સકરપારા લાવી આજ આપણે૦
કોઇ ગોળપાપડી ને ખારા મમરા લાવી આજ આપણે૦ ૧૧
કોઇ પસંદ પડતા ગાંઠીઆ લાવી આજ આપણે૦
તે રમતાં રમતાં ખાઈ ગયાં આજ આપણે૦ ૧૨

કોઈ પાંચ પકવાન લાવી આજ આપણે૦
જે જોઇને જીભમાં પાણી ખરેખર છુટે આજ આપણે૦ ૧૩
કોઇ ઘીમાં નીતરતું દળ ને મગદળ લાવી આજ આપણે૦
કોઇએ તીખું અથાણું આણ્યું આજ આપણે૦ ૧૪
કોઈ ખોબો ભરી ખારેકો લાવી આજ આપણે૦
કોઇ સેકેલો પાપડ લાવી આજ આપણે૦ ૧૫
કોઈ છાનુંમાનું લાવી આજ આપણે૦
એટલે તે જેવી આવી તેવી પાછી કાઢી આજ આપણે૦ ૧૬
બહેનો એ ચોરી કરેલી કહેવાય આજ આપણે૦
કોઇએ કહ્યા વગર કાંઇ લાવવું નહિ આજ આપણે૦ ૧૭
એક ગરીબ છોકરી રડતી આવી આજ આપણે૦
મારી મા કાંઈ આપતી નથી આજ આપણે૦ ૧૮
એને હેત લાવીને પાસે બેસાડી આજ આપણે૦
સૌએ ઉજાણી શરૂ કરી આજ આપણે૦ ૧૯
સૌ હેત લાવી સરખે ભાગે વહેંચી ખાઓ આજ આપણે૦
અને ખાઈ પીને ગરબી ગાઓ. આજ આપણે૦ ૨૦

ગુજરાતનો વનસ્પતિ વૈભવ ભાગ ૧ લો.

રૂડો=સારો.
મુલક=દેશ.
જગદીશ=પરમેશ્વર.
જગત=દુનિયા.
ખૂબ=સારી રીતે
ઘડયો=બનાવ્યો.

લીલાલહેર=આનંદમંગળ.
ધનધાન્યે=પૈસા ને અનાજથી.
ભૂધર=પરમેશ્વર.
મહેર=દયા.
ડાંગર=ભાત.
ઝાલર=વાલ.

દિવેલ=એરંડી	દાઝે=લાગણીથી.
આદિ=બીજી.	ઘૂમે=ફરે.
કાચું સોનું=કપાસ વગેરે.	ગર્વ=અહંકાર.
કાચું=આકી	ગરૂઓ=આબાદ.
કીરતાર=પરમેશ્વર.	સ્વદેશ=પોતાનો દેશ.
કૃપા=મહેરબાની	વાંચ્છો=ઇચ્છો.
ભરતખંડ=હિંદુસ્તાન.	સજી=ધારણ કરી.
ભૂલો=ચુકો.	ભજી=ભજન કરી.
ભુંડી=ખરાબ.	વિદ્યામાતા=સરસ્વતીદેવી.
દળદર=આળસ, ગરીબાઈ.	મદમાતા=અહંકારમાં આંધળા થયલાં.
જનમ=ભવ.	કસીકમર=કેડ બાંધીને.
અકલ=બુદ્ધિ.	પલક=પળ.
હુન્નર=કળા.	ખુંખારી–ખોંખારી.
મમત=હઠ.	બહારપડો=પ્રખ્યાતથાઓ.
ગાડરવત=બકરાં પેઠે.	ફતેહ=જીત.
ઈર્ષા=અદેખાઈ.	ધારી=વિચારી.

ગુજરાત દેશ ઘણો સારો છે, તેને પરમેશ્વરે જગતમાં સારો ઘડયો છે. ૧. જ્યાં જુઓ ત્યાં આનંદ છે. પરમેશ્વરની પૈસા ને અનાજમાં મહેરબાની છે. ૨. ઘણી જુવાર, બાજરી, ભાત, ઘઉં, ચણા, વટાણા ને વાલ થાય છે. ૩. જ્યાં તુવર, મગ, ચોળા, મઠ અડદ, મકાઈ ને જવ ઘણા છે. ૪. વળી દીવેલી, તલ, અળશી વગેરે હજારો કળશી થાય છે. ૫. હું સાચું કહું છું કે તે ગણીએ ગણાય નહિ. ગુજરાતમાં કાચું સોનું (કપાસ) પાકે છે. ૬. પરમેશ્વરે કાંઇ ખામી રાખી નથી, હિંદુસ્તાનપર ઘણી મોટી મહેરબાની કરી છે. ૭. હે ભાઇ,

આપણી ખરાબ ભુલ છે કે આપણે આળસમાં ડુબી ગયા છીએ. જો બીજા કોઇને આવો મુલક મળ્યો હોય તો દુઃખ એ શબ્દ જીંદગીમાં જાણે નહિ. ૯. લોકો અકલ કળા કાંઇ લાવે નહિ ને બકરાંની માફક ખોટો આગ્રહ માણે છે. ૧૦. મમત, આળસ, અદેખાઇ એ બધું છોડી દઇ દેશની દયા ખાતર અહંકારથી મચો. ૧૧. ગર્વ કરી દેશ પાછો આબાદ કરવાને સુતાંબેઠાં સ્વદેશનું સુખ ઇચ્છો. ૧૨. સંપ કરી સરસ્વતીદેવીનું ભજન કરી, હુન્નર ને કળામાં મસ્તાન થઇ. ૧૩. કમર જોરથી બાંધીને ખોંખારીને એક ક્ષણમાં બહાર પડો. હું વીચારીને કહું છું કે તમારી ફ-તેહ થશે, ૧૪.

ભાગ ૨ જો.

બગીચો=બાગ.
ફાલ્યો=પસર્યો.
ફૂલ્યો=ખીલ્યો.
પ્રખ્યાત=નામીચો.
ઝૂંડ=જથ્થા.
દીસે=દેખાય.
હરખી=હરખવાથી.
હીસે=આતુર થાય–લલચાય.
ઘટા=ઘેરાવો.
ચોગમ=ચારે બાજુ.
સેના=લશ્કર.
સ્વાદ=લહેજત.
મણા=ખામી.
છાયા=છાંયડો.
ખીલ્યું=પ્રફૂલીત થયું.
અમૂલ્ય=કીંમત ન થાય એવું.
બુધહીણા=અક્કલ વગરના.
વિનાખપ=કામ વગર.
વાંક=ગુન્હો.
શેલડી=શેરડી.
ઝૂકે છે=નમી જાય છે.
ચમરી=ફુલ.
કુંભસ્થળ=માથું.
જવાહીર=રત્ન.
કદંબ=એક જાતનું ઝાડ.
ગગન=આકાશ.
ઝીલી=પકડી.
સરગવો=સેકટો.

આ ગુજરાત ખરેખરો બગીચો છે ફળથી ફુલથી ને ફેલાવાથી જાણીતો છે. ૧. ઝાડોનો ઘણા જથ્થા ત્યાં દેખાય છે તે જોઈ ને જીવ આનંદ પામી હરખ પામીને લલચાય છે. ૨. વડની ઘટા ચારે બાજુએ ફેલાયલી છે જેની નીચે લશ્કરો ઉતરે છે. ૩. ઘણા આંબા હારોમાં ઉગે છે, તેની કેરીના સ્વાદમાં કાંઈ બાકી હોતી નથી. ૪. લીમડાની છાયા સારી હોય છે, ને આમલી ખાવાથી રોગ થાય છે. ૫. કપાસનો છોડ કેવો સારો છે, તે જાતે નાનો છે પણ દુનીયાને ઢાંકનારો છે. ૭. આ ખસખસનું ખેતર કેવું ખીલ્યું છે, જેના રસનું કીમતી અફીણ થાય છે. ૭. અક્કલ વગરના તેના ખપ વગર ખાય તો ખરેજ મરી જાય છે તેમાં અફીણનો વાંક નથી. ૮. આ ઉભી રહેલી શેરડી કેવી શોભે છે, તેની ચમરીઓ કેવી નમેલી છે. ૯. પેલા ફણસનું ફળ કેવું મોટું છે, તે હાથીના માથાં જેવું દેખાય છે. ૧૦ જો, જો, સઘળાં ઝાડ રતન જેવાં છે, કોને મુકું ને કોના ગુણ ગાઉ. ૧૧. આસોપાલવ, કદંબ, પીપળો, બીલી ને ઉંચામાં ઉંચું તાડનું ઝાડ ગગનને ટેકવી રહ્યું છે. ૧૨. વાંસ, સાગ, સેકટો, બાવળ, ખેર, ખાખર, ખજુરાં ને આવળ છે. ૧૩. જમરૂખી, કમરખી, બોરડીઓ સીતાફળી કેળ ને દાડમડીઓ છે, તે જુઓ. ૧૪. જુઓ કોઠનાં ઝાડ, રાયણ, લીંબુ, જાંબુ નારંગી, અંજીર, ને લાંબા શેતુરનાં ઝાડ ૧૫. વળી પપાઉના ઝાડો ફાલસાંનાં, દરાખો એવા લાખો મેવા લહેજતદાર છે.

ભાગ ત્રીજો.

મઝા=મોજ.	બહેકી=ભભકી.
સુગંધ=સારી વાસ.	મધમધી=બહેકી રહ્યા.
સજની=બહેનપણી.	વન=જંગલ.
રંગબેરંગી=જાત જાતના રંગના.	સોરમ=વાસ.

સોહામણું=રળીઆમણું.
ગુલાલા=ગુલાબ.
સૂરજફુલ=સુરજમુખી.
પૂઠે=પછવાડે.
પ્રેમે=હેતથી.
ચાંદાસું=ચંદ્રમા સાથે.
હાંસું=હસવું.
તુરી=સરણાઇ.
સમ=જેવા.
પુકારે=બોલાવે.
વનવૈભવ=વનની શોભા.
ઇશ=પરમેશ્વર.
વનલીલા=જંગલની શોભા.
વાસ=રહેઠાણ.
જગદીશ=પરમેશ્વર.
સભર ભર્યો=વ્યાપી રહ્યો.
ધનભાગ્ય=સારાં નસીબ.
નવલ=નવલરામ કવી.
ભવસાગર=સંસારનું તત્વ.
સર્યો=પાર પડયો.

ફૂલની મોજ તો આપણા દેશમાંજ છે. હે બહેન તે સોના જેવાં રૂપાળાં ને તે સારી વાસવાળાં છે. ૧. તે ફૂલ જાત જાતના રંગના કેવા છે કે ઉડીને આંખે વળગે. ૨. તેની સુગંધી સુંદર સારી છે જેથી બધો દેશ ઘણો મઘમઘે છે. ૩. જુઇ, જાઇ, કેતકી, સાહેલી, પારિજાત, ચંપો, ચંપેલી, ગુણવાળો ગુલાબ, મોગરો, બટમોગરો, ગુલછડી, તગર, તુલસી ડમરો એ બધાં વનમાં ચારે બાજુએ બહેક બહેક થઈ રહ્યાં છે કે જેનું નામ લેતાં સુગંધ આવે છે. ૪-૬. પાણીમાં ચારે તરફ કમળ કેવાં ખીલે છે, સાંજરે ગુલબાસ કેવાં સારાં લાગે છે. ૭. આ ગુલાબ કેવો શોભી રહ્યો છે, કેસુડાં, કસુંબો વહાલા લાગે છે. ૮. અરે બેહન, પેલા સુંદર સુરજમુખી સુરજની પાછળ હેતથી ફરે છે. ૯. પેલી પોયણી ચંદ્રમા સાથે પરણી છે, ને ચાંદાને જોય જોય છે ત્યારે તેને હસવું આવે છે. (ફુલ ઉઘડે છે.) ૧૦ કરેણાં તનમનીઆં, ધણાં ખીલ્યા છે ને ધંતુરા સરણાઇ જેવા બન્યા

છે. ૧૧. જાણે પરમેશ્વરનો વનનો મઝાનો પોકાર કરે છે ને જંગલની શોભામાં ઇશ્વરનું રહેઠાણ છે. ૧૨. જ્યાં જોઉં ત્યાં ઇશ્વર પૂર્ણ રીતે પસરી રહેલો છે. નવલરામ કહે છે કે જે જેનું નસીબ સારૂં હશે તે દુનીઆનું તત્વમાં પાર પડ્યો હશે.

નિશાળનું વર્ણન.

ભાગ=મટાડ.	મઝા=આનંદ.
ભૂખ=ઇચ્છા.	માયા=હેત.
માનમોજે=આનંદે.	શાંત=નરમાશવાળો—ઠંડો.
રૂપાળા=શોભિતા.	સ્વભાવ=મિજાજ.
ઉમંગ=હોંસ.	સદા=હંમેશાં.
ખેળવણાં=રમકડાં.	ભાખે=બોલે.
ખુશકાર=ખુશી કરે એવા.	છટા=ખુબી.
રીઝી=ખુશી થઇ.	ચિત્તે=મનમાં.
બાળા=બાળકી.	ઘટા=વાદળાંનો ઘેરાવો.
તકતકતા=ચળકતા.	છાહી=પથરાઈ.
તખ્તા=આરસી.	મોજ=મઝા.
ઓળો=પૃથ્વીનો ગોળો.	રઢ=લત.
ચકર=ગોળ.	જાગે=ઉઘડે.
સાચે=ખરે.	વણ=વગર.
સખી=બહેનપણી.	પશુ=ઢોર.
સંગે=સાથે.	નરનાર=સ્ત્રીપુરૂષ.
મતિ=બુદ્ધિ.	અપાર=પાર વનાના.
ભણું રંગે=મન દઇને ભણવું.	નિરખ્યાં=જોયાં.

હે મા, હું પગે લાગું છું કે મને નિશાળે મોકલ. હે મા, હું મોઢેથી માગું છું કે મારી ઇચ્છા તું પુરી પાડ. ૧. હે મા, મારા જેવડી મારી બેનપણીઓ ચોપડીઓ લઇને નિશાળે જાય છે. ૨. હે મા, તે બધી મોજ શોખથી જાય છે, ને ત્યાં જે જાય છે તે ત્યાં રોજ ગીત ગાય છે. ૩ હે મા, ત્યાં સારા રંગની પાનાવાળી એક પેટી ભરેલી છે, તે ત્યાં હોંસથી બેઠી બેઠી જોય છે. ૪. હે મા, ત્યાં ખુશ કરે એવાં રમકડાંની બીજી પેટી છે તેને માણસો રાજી થઇને આકારની પેટી કહે છે. ૫. હે મા, વળી ચળકતા ચોકઠામાં રૂપાળા ઘણા લખોટા છે જે વડે છોકરીઓ ગણે છે. ૬. હે મા, જુદા જુદા રંગવાળા, નવા ચળકતા નકશા ભીંતે ઘણા ટાંગેલા છે તે જાણે તકતા હોય તેવા છે. ૭. હે મા, ચારે બાજુએ ચિતરેલો એક પૃથ્વીનો ગોળો છે જે ગોળ ફરે છે તે હે મા, હું સાચું કહું છું, ૮. હે મા. એક દહાડો મારી બહેનપણી સાથે ત્યાં ગઈ હતી તે દીવસથી મારી બુદ્ધિ એવી થઈ છે કે હું મન દઇને ભણું. ૯. હે મા, નિશાળમાં ભણવાની મઝા છે. એક વાગે રમવાની રજા આપે છે. ૧૦. હે મા, મહેતાજી બધા ઉપર બહુ માયા રાખે છે, ઠંડો સ્વભાવ રાખીને હમેશાં મીઠું બોલે છે. ૧૧. હે મા, શીખવાની ખૂબી ઘણી છે, જેમ વાદળાંની ઘટા થઈ રહે છે તેમ મારૂં મન ભણવામાં ચોંટી રહે છે. ૧૨. હે મા, આવી નિશાળે જવું એ મઝા છે, જે રોજ રમ્યા કરતાં ભણવું મને ગમે છે. ૧૩. હે મા, નિશાળને બહારથી જોતાં ભણવાની લત લાગે, ત્યાં જઈ હેતથી ભણીએ તો નસીબ ઉઘડે. ૧૪. હે મા, ભણ્યા વગર સ્ત્રી પુરૂષ ઢોર જેવાં રહે છે. મેં વિદ્યામાં ઘણા સુખ જોયાં છે. ૧૫.

ચોથું ધોરણ ભણનારીઓને સારૂ.

ઈશ્વરનું સ્તવન.

સ્તવન=ભજન.
નિભાવે=ટકાવે.
ખલક=દુનિયા.
પલક=પળ.
ડુબાવે=ગરક કરે.
વિશ્વનાથ=પરમેશ્વર.
ઘુમી=ઘેરાવો.
ટેકાવે=આધાર આપે.
અસંખ્ય=ઘણા.
જડ=જીવવગરના પદાર્થ.
ધર્મ=નિયમ.
ધરાવે=રખાવે.
મુકિતસું=મોક્ષ આપે.
ચઢાવે=લઈ જાય.
પ્રાણ=જીવ.
આધાર=ટેકો.
સાર=તત્વ.
ડાહ્યો=શાણો.
દયાવંત=દયાવાળો.
આદિ=શરૂઆત.
અંત=છેડો,
સકળ=બધી.
શક્તિ=બળ.
ભૂપ=રાજા.
અનુપ=ઉપમા ન અપાય એવો.
અકળ=કળી શકાય નહિ એવો.
અરૂપ=આકાર વગરનો.
મનવાણી=મનનો શબ્દ.
ચૂપ=શાંત.
કવે=વર્ણન કરે.
તું તેનું જ=તું જ એ છે.
ભજું=ભક્તિ કરૂં.
ભાવે=હેતથી.

જે આ જગતને ચલાવે છે, જે દુનિયાને એક પળમાં બનાવે છે હોંસથી તેને હું ભજું છું. ૧. મરજીમાં આવે ત્યારે ગરક કરે તે પરમેશ્વર કહેવાય છે. હું ભજું. ૨. જે આ સૂર્યને શોભાવે છે, ચંદ્રને ચળકાવે છે તેને હું હોંસથી ભજું. ૩. જે આકાશનો ઘેરાવો ટકાવે છે, ઘણા ગોળાને ગબડાવે છે તેને હું ભજું. ૪ જીવ વગરનાને

નિયમમાં રાખે છે તેને, મનને મોક્ષમાં દોરવે છે તેને હું ભજું. ૫. જે જીવનો આધાર છે તેને, જે તત્વમાંનું તત્ત છે તેને હું ભજું. ૬. જે ડાહ્યો ને દયાવાળો છે તેને, જેને શરૂઆત કે છેડો નથી તેને હું ભજું. ૭. સઘળા બળનો રાજા છે તેને, જે એકજ છે જેને ઉપમાં આપી શકાય એમ નથી તેને હું ભાવથી ભજું છું. ૮. જે કળી શકાય એવો નથી, જેને આકાર નથી તેવાને હું ભાવથી ભજું, જ્યાં મન કે વાણીથી વર્ણન થઈ શકતું નથી તેવાને હું ભાવથી ભજું છું. ૯. નવલરામ કહે છે કે હું એનું વર્ણન કેવી રીતે કરી શકું, કારણ કે એ તો એજ છે એટલે એના જેવો બીજો નથી તેવા પરમેશ્વરને હું હોંસથી ભજું છું. ૧૦.

ચોમાસું.

ધૂમાધૂમી=દોડાદોડ.
માડી=મા.
ધામ=બફારો.
પાન=પાંદડું.
ઠર્યો=રહ્યો.
ઇશાન=ઉત્તર ને પૂર્વ વચ્ચેનો ખુણો.
શ્વાસ=દમ.
રૂંધાય=અકળાય.
વિખેરી=વહીવટ કરી.
અંગે=શરીરે.
ભુંડી=નઠારી.
અળાઇ=તાપને લીધે જે ફોલ્લી થાય છે તે.
અધવાર્યો=અડધો ગયો.
મેહુલે=વરસાદે.
મેર=દયા.
ચાસ=ખેતરમાં આડા ઉભા કાપા પાડવા તે.
વાટ=રાહ.
દાડી=દરરોજ.
ઠામ કરી=નિરાંતથી
પ્રવાસી=સફરકરનાર.
ખલાસી=ખારવા.
અધિકારી=અમલદાર.
સન્યાસી=જેણે સંસાર ત્યાગ કર્યો હોય તે.

મોસમે=ઋતુમાં.
વાણો=વહાણો.
નાળે=ઝરામાં.
નીર=પાણી.
મુઝાણો=જીવ જાય છે.
ભુખી=પાણી વગરની.
લુખી=કસ વગરની.
ખડંગ=કોરી.
પય=પાણી.
પોકારે=બુમપાડે.
પપૈયા=બપૈઓ.
મેઘરાજા=વરસાદ.
માઝા=આબરૂ.
ધાતાં=દોડતાં.
ધરીને=રહીને.
અંધારકોટ=અંધારુ.
ચમકચમક=ઝબકઝબક.
વિજ=વીજળી.
કડડકડડ=મોટાં કડાકા.
લહેરૂં=પવનની લહેર.
નિશ્ચે=નક્કી.
મુસળધાર=બહુ જોરથી.
શાંતિ=નિરાંત.
સંસાર=દુનિયા.

પેલી વાદળીઓએ દોડાદોડ શરૂ કરી, અરે મા હવે શું ચોમાસું આવશે. ૧. હા, હજી શું નહિ આવે, કેવો ધામ થાય છે, જાણે કુરી બાફમાં ઘાલી હોય તેવો. ૩ ઝાડનું એક પાંતરૂં પણ હાલતું નથી. હવે પવન ફરીને ઇશાનમાં ગયો. ૩. દમ લેવાતો નથી. જીવ અકળાય છે, પંખીઓ પાંખ પહોળી કરીને ધુળમાં નાહે છે. ૪. આ નઠારી અળાઇઓ શરીરને કરડી ખાય છે ને સાંજ પડે ત્યારે કાંઈ સુખ થાય છે. ૫. અખાડ મહીનો અડધો પસાર થયો, તો હુંએ જોઇએ, વરસાદે હવે મહેરબાની કરવી જોઇએ. ૬. ખેતર ખોદી ખેડી ખેડુતે ચાસ પાડયા, તે ખેતરમાં ઉભો રહીને દરરોજ વરસાદની રાહ જોય છે. ૭. સફર કરનારા ખારવા નિરાંતે બેઠા છે. ૮. ચોમાસાની રૂતુ બેઠી એટલે વહાણ બધા ફરતાં બંધ થયા, નદીમાં, નાળામાં પાણી જતું નથી તેથી હરણનો જીવ જાય છે. ૯. જમીન કસ વગ-

રની, સુકી કોરી છે, બપૈયો સાથે સાથે પાણીની બૂમ પાડે છે. ૧૦ તમામ જીવનો આધાર વરસાદ છે, હે મહારાજ, આવો (વરસો) ને અમારી આબરૂ રાખો. ૧૧. દોડતાં દોડતાં કાળાં વાદળાં આવે છે. આકાશમાં રહીને અંધારૂં ભીંત બનાવે છે. ૧૨. વીજળીના ચમકારા ચમક ચમક થાય છે, કડડ કરીને નગારાં વાગ્યાં. ૧૩. પવન છુટયો લહેર આવી, હાસ, હવે સારૂં લાગે છે, હું ધારૂં છું કે કોઇ ઠેકાણે વરસાદ પડયો એ નક્કી છે. ૧૪. પડયો, આ પડયો ને બહુ જોરમાં પડયો, નવલરામ કહે છે કે સુગંધ ઉઠીને જગતમાં શાંતી થઈ ૧૫.

જનાવરની જાન.

જનાવર=ચોપગા પ્રાણી.
મેઘાડંબર=વરસાદનો માંડવો.
ગાજે=ગર્જના કરે.
બેટડો=છોકરો.
ભેર=વાજાં.
સુર=રાગ.
તીણાં=ઝીણાં.
સાબેલા=વરની આગળ જે છોકરાં ઘોડે કે ઘોડાગાડીમાં બેસે છે તે.
ઠઠ=જમાવ.
ઠામ=જગ્યા.
ઠાલા=ખાલી.
ઢબ્બડ=ધડબ ધડબ.
સાજન=વરઘોડામાં આવનારા લોકો

જોરો=જોર.
માતા=મસ્તાન.
આખલા=ગોધા.
પદ=પદવી.
પોલીસ=રૈયતના જાનમાલનું રક્ષણ કરનારા.
શ્રેષ્ટ=સૌથી સરસ.
ઓડે=ડોકે.
કામદારે=કારભારી.
ગોડે=માફક.
ન્યાળીને=જોઇને.
ડોલતા=ઝુલતા.
સુંઢાળા=સુંઢવાળા.
કદંગા=બેડોળ.

ખડ=ઘાસ.
જડ=જંગલી.
નીસરી=નીકળી.
ખુંખારી=ખોંખારી.
ઘોડલ=ઘોડા.
ટગુમગુ=ધીમેથી.
ડીફાં=દંડુકા.
ખતેડા=વાંકાચુકા.
લપાતા=છુપાતા.
કામળ=કામળો.
ગાડર=બકરાં-ઘેટાં.
કોડી=જરા.
લેખું=ગણતરી.
સાગર=સમુદ્ર.
વાજે=વાગે.
વિલાયતી=અંગ્રેજી.
ભરડતી=સાથે બોલતી.
ઝડપાયું=વિવાહ થયો.
ઝપ=ઝટ.
મંગળ=ગીત (સારાં.)
જાંદરણી=જાનમાં આવેલી સ્ત્રી.
કોડે=હોંસે.
બાપડી=ગરીબ.
વીસર્યાં=ભુલ્યાં.
સામટાં=બધાં.
છૂંદે=બગાડે.
વેર=દાઝ.
વાળે=કાઢે.
કૂડું=નઠારૂં.
ધનધન=સાબાશ.
બેપગાં=માણસ.
સાર=મતલબ.

જનાવરની જાનનો અવાજ વરસાદના માંડવા જેવો થાય છે. આજે બકરીનો છોકરો પરણે છે. ૧. ઢોલ, નગારાં, વાજાં સરણાઈનો રાગ ઝીણો છે, ઘેટીના દીકરા દીકરી એવી રીતે સૌ શોભીતા સાબેલા છે. ૨. લોકોની ભીડ સારી રીતે થઈ જરા ખાલી જગ્યા નથી, ત્યાં દાઢીવાળો વરનો બાપ દડબડ ચાલતો. ૩. સાજન માજનનું તો શું પુછવું. બકરાએ જોર કરીને ખરાં મનથી મોટાં ઢોરને એકઠા કર્યા હતા. ૪. સીધાં શીંગડાં રાખેલા રૂષ્ટપુષ્ટ ગોધા, પોલીસનો હોદ્દો લઈ રસ્તો કરાવતા હતા. ૫. સાજન મહાજનમાં સારામાં સારા ઊંટ ઉંચી

ડોક રાખીને ચાલતા હતા. કારભારીની માફક એનાં અરાઢે અવયવો વાંકાં હતા. ૬. મોટા દાંતવાળા હારમાં એક બે હાથી છે, ને તે સુંઢ-વાળા શેઠ નીચું જોઇને ડોળતા હતા. ૭. હાથી ને ઘોડા ઘણા છે, પાડા હાર રોકતા હતા, તે રંગે કાળા કદરૂપી ને તે જડ જેવા ઘાસ ખાઇને જાડા થયા હતા. ૮. તે ફાટી આંખે છાતી કાઢીને બહુ ખુંખારા કરતા, તે સારા સાજનમહાજન થઇને ઉછળતા ઘોડા ચાલે છે. ૯. ટટ્ટુઓ ધીમે ધીમે ચાલતા, તેની પછવાડે ગરીબ ગધેડા હાં હાં કરવાથી ચાલતા, પણ દંડીકા વગર સીધા ચાલતા નહિં. ૧૦. અને હજારો ઘેટીઓ હારોહાર તેમાં સંતાતી ચાલતી. કામળો ઓઢીને કોણ આવે છે તે તો ઘેટાંની મા છે. ૧૧ તે બધાં વહેવાઇના પિત-રાઇ હતાં જેનામાં થોડી અક્કલ હતી ગમે તેમ એક બીજાની પછવાડે દોડતા જાય છે. ૧૨. બકરા વરના બાપ છે તે કાંઇ ગણતરીમાં નથી, ને શિંગડાંનો દરીઓ થયો હોયની તેવું હું આજે દેખું છું. ૧૩. વરરાજા ઘોડે બેસીને આવ્યા, વિલાયતી વાજાં વાગે છે તથા ભેર ભુંગળ ને ઝાંઝરીના અવાજ થતા, તે સાથે બકરી બેં બેં કરતી જતી. ૧૪. બે મહીનાની ઉમરના વરરાજા છે. તે બાળક બેં બેં કરતું તેનો ઝોળીમાંથી ઝટ વિવાહ થયો, તેથી તેની માનું મન રાજી થયું. ૧૫. બકરીબાઇ હરખથી સારાં ગીત ગાય છે, સાથે જોડે આવેલી સ્ત્રી ઘણી હતી તે હોંસે હોંસે જોવા જેવી હતી. ૧૬. બકરીબાઇએ પોતાની નાતનીને બીજી ઘણીઓને, આડોશી પડોશીને તથા બાયડી બહેનપણી-ઓને તેડી છે. ૧૭. ભેંસ, ભુંડણ, ઉંટડી, ઘેટી, ઘોડી, ગધેડી, ગાય, બિલાડી, ઉંદરડી, ને એક કુતરીને પણ બોલાવી છે. ૧૮. વાંદરીઓને ભુલ્યા નથી, દશ વીશ આ કુદે છે, બધાં જોડે ગાઇને સાતે રાગને બગાડે છે. ૧૯. કોઈ બેં બેં કરે, કોઈ ભેં ભેં કરે, કોઇ ખરાબ

જુંકતી, કોઇ ચું ચું મ્યાઉ મ્યાઉ કરે, તથા કોઈ તો ખોટું વેર વાળે છે. ૨૦. હુક હુક કરતી વાંદરીઓ, જુઓ કેવી નાચે છે, હે બકરી તને શાબાશ કે તારા જેવી કોઈની જાન નથી. ૨૧. જુઓ આ પશુઓની જાન છે. તે માણુસ માટે બનાવી છે, નવલરામ કહે છે કે સમજે તો બહુ ફાયદાની વાત છે, નહિ તો હસવું તો આવશે. ૨૨.

ભણવાનો વખત જાય છે.

વહી જાય=જતો રહે.
પસ્તાવો=દીલગીરી.
અવસર=વખત.
જીવન=પ્રાણીનું.
જીવતર=જીંદગાની.
વીત્યું=પસાર થયું.
ગિરફતારી=ખટપટ
મથીને=મહેનત કરી.
કુમળી=નાજુક.
ડાળ=ડાળી.
કાના=કાંઠા.
ટપુટપુ=ભાંગ્યું તુટલું.
ગભરાય=મુંઝાય.
નિંદાને=ધિક્કારને.
દારિદ્ર=કંગાળપણું.
રબાય=પીડાય.
રૂડી=સારી.
[illegible]

કુડી=ખરાબ.
ડહાપણ=શાણપણ.
સિદ્ધિ=મનની ઇચ્છા; સુખ.
જીવ=જીંદગી. વણ=વગર.
સમજ=સમજણ.
પંડીત=વિદ્વાન.
જુગતું=લાયક.
વારંવાર=દરરોજ.
વાલે=હેતથી.
રણે=જંગલમાં.
મુગું=બોલે નહિ તેવું.
મૂળ=હેતુ.
સર્વે=સઘળા.
શિક્ષા=શિખામણ.
શિક્ષણ=ભણતર.
અભણ=ભણ્યા વગરનો.
પશુપદ=ઢોરની પદવી.
ચાય છે=ઇચ્છે છે.

આ ભણુવાનો વખત ચાલ્યો જાય છે, પછી પસ્તાવો બહુ થાય છે. નાનપણે ભણુવાનો વખત છે, જીંદગાનીમાં એ જીવન છે. આ વખત૦ ખેડુત જો ચોમાસામાં ખેડ ન કરે તો આખું વરસ પસ્તાવવું પડે છે. આ વખત૦ નાનપણુ ગયું એટલે ભણુવાનો વખત ગયો એમ ગણાય છે. આ વખત૦ પછી સંસારની ખટપટમાં કેવી રીતે ભણાય. આ વખત૦ કદાચ જો મહેનત કરીને વખત કાઢે તોપણુ ભણાતું નથી. કુમળી ડાળ વળે છે. આ વખત૦ પાકેલી કોઠી ઉપર કાંઠો ચઢતો નથી, તેમજ મોટપણે જરા જરા વાંચતાં ગભરાય છે. આ વખત૦ ભણ્યા વગર સ્ત્રી પુરૂષ ધિક્કાર, દુઃખ ને ગરીબાઈમાં સડે છે. આ વખત૦ હાલ રમત સારી લાગે છે પણુ પાછળથી ખરાબ દેખાય છે. આ વખત૦ રમવું પણુ ખરૂં ને ભણવું પણુ ખરૂં એજ શાણુપણુ કહેવાય છે. આ વખત ભણ્યા વગર દુનીઆમાં સુખ નથી, ભણુવાથીજ સુખ મળે છે. આ વખત૦ વિદ્યા વગર માણુસ ઢોર જેવો છે એ કહેવત હમેશાં સાચી છે. આ વખત૦ માણુસ ને જનાવર જન્મતી વખતે સમજણુમાં સરખા દેખાય છે. આ વખત૦ પણુ જો તેને લાયકનું કામ શીખવાય તો માણુસ પંડિત બને છે. આ વખત૦ દરરોજ હેતથી બાળકને શીખવવાથીજ બોલાય છે. આ વખત૦ ઉજ્જડ જંગલમાં રાખે તો મુગું બને છે. સમજણુનું તત્વ શિખાય છે. આ વખત૦ તમે ભણુતરથી શિખામણુ લો તેથી માણુસ મોટું ગણાય છે. આ વખત૦ નવલરામ કહે છે કે જો માણુસ ભણ્યા વગરનો રહે તો તે ઢોરની પદવી પામવા ઈચ્છે છે, આ વખત ભણુવાનો જાય છે.

ગાયના ગુણુ.

ગૌરી=ગાય.	રાંકડી=ગરીબ.
ગુણુવાળી=ગુણુની ભરેલી.	હેતાળી=હેતવાળી
ભાગે=જાય.	કંઠે=ગળે.

ઘણુઘણુતી=અવાજ કરતી.
ચરણુ=પગ.
ઝણુઝણુતી=ઝણુ અવાજ કરતી.
ગોવાળેથી=ચરવાની જગ્યાથી.
ઉથલો=બળતો જવાબ.
થનથનતાં=કુદતાં.
પોળ=મહોલો.
સણુતાં=સાંભળતાં.
ઉછળતી=કુદતી.
ઠેલી=આઘી કાઢી.
વાટે=રસ્તે.
રીસ=ગુસ્સે.
અતિશય=ઘણી.
મર્મજ=હેતુ.
લણ્યો=ગણ્યો.
ગૂઢ=ગરીબાઈ.
ગ્રહ્યો=પકડયો.
પરોપકાર=પારકાપર ઉપકાર.
રાજી=ખુશી.
જશ=આબરૂ.
ગાજી=અવાજ કરી.
સ્વાદ=લહેજત.
વાસ=વસવું તે.
અમૃત=જે પીવાથી માણુસ મરે નહિતે.
અમઅર્થે=અમારે માટે.
સરજે=બનાવે.
બડો=મોટો. લાવો=લાભ.
પ્રસાદી=પ્રસાદ.
સુખદાતા=સુખ આપનાર.
પાડ=ઉપકાર, બદલો.
પંપાળું=હેતથી હાથ ફેરવવો.
સણુગારૂં=શોભાવું.
ચાંદલો=ચાલ્લો.
ફૂલહાર=ફૂલની માળા,
નિરખું=જોઉં.
ઝગમગતું=ચળકતું.
જ્યોતિ=પ્રકાશ
ભાળી=જોઈ.
ધેનુ=ગાય.
ગુણુધામ=ગુણુનું ઠેકાણું.

હે ગાય તું મને ઘણી વહાલી લાગે છે, અરે ગરીબ ગુણુવાળી ગાય લાગે૦ ૧ તારૂં રૂપ મને સારૂં લાગે છે, તારૂં મોંહ જોતાં મારી ભુખ જતી રહે છે. લાગે૦ ૨. તારૂં શરીર ધોળું ને શીંગડાં કાળાં, આંખ ગરીબ કાળી હેતવાળી છે. લાગે૦ ૩, તારા ગળામાં

ઘંટડી વાગે છે તે ચારે પગે ઝાંઝર ઝણઝણે છે. લાગે૦ ૪ ગોવાળેથી જ્યારે તું પાછી આવતી ત્યારે ભાં ભા ભાં હેતથી બોલતી લાગે૦ ૫. તેનો વળતો જવાબ તારૂં વાછરડું થનથનતું તે સાંભળી તું હેતથી પોળમાં પેસતી લાગે૦ ૬. તું ઘેલી હરખથી ઉછળતી હીંડે છે તોપણ તું કોઇને હડસેલતી નથી. લાગે૦ ૭. રસ્તામાં બેઠેલા બાળકને તું બચાવે છે, એવી ડાહી ને દયાવાળી છે. લાગે૦ ૮. તને મારે તેનાપર તું ઘણી રીસ કોઈ વખત કરતી નથીજ. વાગે૦ ૯. તે ધર્મનો મુળ હેતુ ઘણો રાખ્યો. ગરીબાઈ ને રાંકપણનો ગુણ પકડયો. લાગે૦ ૧૦ તું હમેશાં પરોપકાર કરવામાં રાજી છે, તારી કિર્તિ આખા જગતમાં ગાજી રહી છે. લાગે૦ ૧૧. તું ધોળી છે ને તારૂં દુધ ધોળું છે, તે ગુણવાળું ને સારા સ્વાદવાળું છે. લાગે૦ ૧૨. દહીં, દુધ, ઘી, માખણ ને છાસ, જેમાં સઘળા સ્વાદ રહેલા છે. લાગે૦ ૧૩. એ પાંચે અમૃત જે પૃથ્વીપર છે તે અમારે માટે તેં બનાવ્યા છે. લાગે૦ ૧૪. બરફી. પેંડા. માવો, બાસુંદી ને શિખંડનો મોટો લાભ છે. લાગે૦ ૧૫. તારા પ્રેમનો બદલો હું કેમ વાળું. તું આવ હું તને હેતથી પંપાળું. લાગે૦ ૧૬. તારા શીંગડાં સિંધુરે રંગી સોનાથી હું શણગારૂં. લાગે૦ ૧૭. તને ચાંલ્લો કરીને ચોખા ચોંટાડું ને ફુલની માળા પહેરાવી તારૂં મોઢું જોઉં. લાગે૦ ૧૮. તારૂં ચળકાટ મારતું પ્રકાશ જેવું મુખ જોઇને રાજી થાઉં છું ને જોઉં છું. લાગે૦ ૧૯. હે ગાય તને શાબાશ છે, કારણ કે તું રૂપ ને ગુણનું ઠેકાણું છે. એવી રીતે નવલરામ કવી ગાયના ફાયદા ગાય છે.

ચોમાસાના ચાર માસ.

ધારા=પૃથ્વી	મેઘરાય=વરસાદ
દોરી લાવે=ખેંચી લાવે.	ઘોષ=અવાજ કરતાં

ધોધ=પાણીનું એકદમ પડવું તે.
સજીવન=જીવતું.
ગિરી=પર્વત.
કળા=પિછા પહોળાં કરી નાચવું તે.
મગન=ખુશી.
સરવડાં=છુટાં ઝાંપટાં.
બિછાવ્યો=પાથર્યો.
મનહર=મનને ખુશ કરે એવું.
મછ=મનુષ.
ઝળક્યો=શોભાવ્યો.
નિપજે=પેદા થાય.
ભડકી ઉઠયો=બહુ આવ્યો.
ત્રુઠયો=રાજી થયો.
બરાડી=બુમ પાડી.
ઝબુકી=ઝબકારામારે.
હેલી=લાગલગાટ વરસાદ આવે તે
ઘેરી-મોટો વરસાદ ઘણો પડે તે.

ઉલેચી=ખાલી કરી.
તેડ=કાંઠા.
રેલી=રેલ આવી.
ફળી=પારપાડી.
આશા=ઇચ્છા.
ધરતી=પૃથ્વી.
ખાસાં=મઝાના. વાસા=વાસો.
માતાં=મદમાં છકેલા.
આભ=આકાશ.
રૂપેરી=રૂપા જેવા રંગનું.
છાયાં=છવાયલાં.
સારસ=એક જાતનું પક્ષી.
ચકોર=એક જાતનું પક્ષી.
ધાયા=દોડયા.
શરદચંદ્રપુનમ=માણેકઠારી પુનમ.
બલિહારી=ખૂબી.
તૈયારી=વખત.

ચોમાસાના ચારે મહીના સારા છે. પથ્વી સારી લીલી સાડી (લીલોતરી) ધારણ કરે, ચોમાસાના૦ અશાડ મહીનો ઘણો વરસાદવાળો કહેવાય છે, જે વરસાદને તાણી લાવે છે અગર જો પહેલાં તાપ પડે છે. ચોમાસાના૦ વરસાદ કકડીને પડે છે જે પાણી પડે તે નેવામાં માય નહિ; સઘળી જગ્યાએ ધોધના અવાજ સંભળાય છે. ચોમાસાના૦ નદી નાળાં તળાવ ભરાય. થોડી વારમાં બધે પાણી પાણી થઈ જાય, જાણે જગત પાણીમાં ડુબી ગયું. ચોમાસાના૦

બધી વનસ્પતી ફરીથી જીવતી થાય છે. પર્વતપર મોર થનથન નાચે છે ને કળા કરીને ખુશ થાય છે. ચોમાસાના૦ શ્રાવણ મહીનામાં નાના ઝાપટાં પડે, સઘળા લોકો ગામ બહાર મેળામાં જાય, ત્યાં જઈ બધે લીલોત્તરી જોય. ચોમાસાના૦ માથાપર મેઘને માંડવો આવ્યો ને નીચે જાણે લીલો ગલીચો નાંખ્યો હોય, આકાશમાં ખુશ કરે એવું મેઘધનુંષ (કાચબી) ઝળકે છે. ચોમાસાના૦ એ દીવસમાં જીવ જંતુ ઘણા પાકે. જ્યાં જઈએ ત્યાં છોડ તાજા દેખાય છે. શ્રાવણ મહીનામાં શાકભાજી ઘણી નીપજે છે. ચોમાસાના૦ ભાદરવામાં તે ભડકીને આવ્યો જે બાકી રહ્યું હોય તે લો, હું તમારાપર રાજી થયો છું. હવે કદી કહેતા ના કે હું તમારાપર ગુસ્સે થયો છું ચો- માસાના૦ એમ કહીને કડકડાટ થવા માંડયો જેથી વાઘે ને સિંહે બુમ પાડી, ગગનને ફાડીને વાજળી ઝળકવા માંડી. ચોમાસાના૦ વરસાદની હેલી એવી થઈ કે સુરજ દેખાય નહિ, જાણે દરીઆનું પાણી ખાલી કરીને લાવેલો હોય, કાંઠા તોડીને નદીમાં રેલ આવી ચોમાસાના૦ આસો મહીનામાં માણસની અશા પુરી થઈ, જમીન ઉપર અનાજ સારી રીતે પાકયું ને ખેડુતો ખેતરમાં રાતવાસો રહેવા માંડયા. ચોમાસાના૦ લાખો પંખીઓ હરખ પામતા ઉડે છે ગાય ભેંસ બળદ મદમાં ગરકાવ થઇ ને ચરે છે, આકાશ તરફ જોઈએ તે રૂપા જેવો ધોળો છે. ચોમાસાના૦ તળાવમાં કમળો ખીલવાથી તેં ઢંકાઇ ગયું, આ બે સરસ પક્ષીને કેવું હેત છે. જુઓ જુઓ ચકોર ચંદ્ર તરફ દોડે છે. ચોમાસાના૦ શરદપુનેમ માણેકઠારી પુનેમની રાતની ખુબી છે. નવલરામ કહે છે નરનારી ગીત ગાય છે, તેથી જણાય છે, કે દીવાળીની તૈયારી છે. ચોમાસાના૦

સમાપ્ત.